# ગુજરાત જાહેર સેવા આયોગ

**આર-૧ શાખા**

**જાહેરાત ક્રમાંક:-૦૨/૨૦૧૫-૧૬, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ હસ્તકની મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૨ની કુલ-૧૦૦ જગ્યા માટે ઉમેદવારો પસંદ કરવા તા:૨૨-૦૪-૨૦૧૫, ૧૩.૦૦ કલાક થી તા.૦૭-૦૫-૨૦૧૫,૧૩.૦૦ કલાક** સુધીમાં **ઓનલાઈન ઉમેદવારી કન્ફર્મ કરવા જણાવવામાં આવે** છે.

**જગ્યાનું નામ:- મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૨ ની કુલ-૧૦૦** જગ્યા (નીચે દર્શાવ્યા મુજબ)

| ક્રમ | કેટેગરીનું નામ | કુલ જગ્યા | કુલ જગ્યા પૈકી મહિલા ઉમેદવાર માટે અનામત જગ્યા |
|---|---|---|---|
| ૧ | બિન અનામત | ૫૩ | ૧૭ |
| ૨ | સા. શૈ. પ. વર્ગ | ૨૯ | ૧૦ |
| 3 | અનુ.જાતિ | ૦૮ | 03 |
| ૪ | અનુ.જનજાતિ | ૧૦ | 03 |

**કુલ જગ્યા પૈકી ૦૧ જગ્યા માજી સૈનિક માટે અનામત છે.**

**નોંધ**:- (૧) મહિલાઓ માટેની અનામત જગ્યા માટે જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો તે જગ્યા તે કક્ષાના પુરૂષ ઉમેદવારને ફાળવી શકશે.

(૨) શારીરિક અશકત ઉમેદવારો આ જગ્યા માટે અરજી કરી શકશે નહીં

(3) અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે પરંતુ તેમને પસંદગી માટેના ધોરણો બિનઅનામત કક્ષાના લાગુ પડશે.

**શૈક્ષણિક લાયકાત**:-(ક) માન્ય યુનિવર્સિટી અથવા ડિમ્ડ યુનિવર્સિટીમાંથી મિકેનિકલ એન્જીનિયરીંગની અથવા ઓટોમોબાઇલ એન્જીનિયરીંગની પદવી **અથવા** સરકારે આ અર્થે માન્ય કરેલ હોય તેવી સમકક્ષ શૈક્ષણિક લાયકાત.

(ખ) મોટર સાયકલ અને હળવા મોટર વાહનો ચલાવવા માટેનું મોટર ડ્રાઇવીંગ લાયસન્સ નિમણૂંક વખતે ધરાવતા હોવા જોઇશે.

(ગ) ઉમેદવારે અજમાયશી સમય દરમ્યાન હેવી ગુડ્ઝ વ્હીકલ અને હેવી પેસેન્જર મોટર વ્હીકલનું લાયસન્સ મેળવવાનું રહેશે.

(ઘ) ઉપરની જાહેરાતના સંબંધમાં પસંદ થયેલ ઉમેદવારોએ આખરી નિમણૂંક પત્ર મેળવતાં પહેલાં, ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય નિયમો) ૧૯૬૭ના નિયમ-૮(૧-એ)ની જોગવાઈ મુજબ કોમ્પ્યુટરનું બેઝિક નોલેજ ધરાવતા હોવાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા:૧૩–૮–૨૦૦૮નાં ઠરાવ ક્રમાંક:સીઆરઆર–૧૦–૨૦૦૭–૧૨૦૩૨૦–ગ.પ. સાથેનાં પત્રક-૧ માં દર્શાવેલ અભ્યાસક્રમને કોમ્પ્યુટરના બેઝિક નોલેજ તરીકે જાહેર કરેલ છે. આ અભ્યાસક્રમ મુજબના કોમ્પ્યુટર વિષયની જાણકારી અંગેનું કોઇપણ સંસ્થાનું પ્રમાણપત્ર માન્ય રહેશે. વધુમાં માન્ય યુનિવર્સિટી અથવા સરકાર દ્વારા માન્ય સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઇપણ ડિપ્લોમા,ડીગ્રી કે સર્ટિફીકેટ કોર્ષ કરેલ હોય તો તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડિપ્લોમા

અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તો તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો માન્ય રહેશે. આ પ્રકારની લાયકાત નહીં ધરાવનાર ઉમેદવાર નિમણૂંકને પાત્ર બનશે નહીં.

**(ચ)** નીચે મુજબના લઘુત્તમ શારીરિક ધોરણો ધરાવતા હોવા જોઇએ.

(૧) પુરૂષ ઉમેદવાર માટે :- ઉંચાઇ ૧૬૨ સેંટીમીટર (મુળ ગુજરાતના અનુસૂચિત જનજાતિના ઉમેદવાર માટે ૧૫૫ સેંટીમીટર)થી ઓછી નહિ અને ફુલાવ્યા વિના છાતીનું માપ ૭૯ સેંટીમીટર અને વજન ૫૦ કિલોગ્રામથી ઓછું નહિ.

(૨) મહિલા ઉમેદવાર માટે :- ઉંચાઇ ૧૫૮ સેંટીમીટર (મુળ ગુજરાતના અનુસૂચિત જનજાતિના ઉમેદવાર માટે ૧૫૧ સેંટીમીટર) થી ઓછી નહિ અને વજન ૪૫ કિલોગ્રામથી ઓછું નહિ.

(૩) ઉમેદવાર રંગઅંધ (Colour Blind) ન હોવા જોઇએ અને ચશ્મા સાથે અથવા તે વિના સ્પષ્ટ દ્રષ્ટિ ધરાવતા હોવા જોઇએ.

**(છ)** ગુજરાતી અને હિન્દી ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.

**<u>પગારધોરણ</u>**:- રૂ! ૯૩૦૦-૩૪૮૦૦ (ગ્રેડ-પે રૂ! ૪૬૦૦)

**<u>ઉંમર</u>**:- ૨૧ વર્ષથી ઓછી નહીં અને ૩૦ વર્ષથી વધુ નહીં. ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

**<u>અગત્યની જોગવાઇઓ:-</u>**

(૧) ઓનલાઇન જાહેરાત માટે અરજી કન્ફર્મ કરીને સામાન્ય વર્ગના ઉમેદવારોએ પોસ્ટ ઓફિસમાં માત્ર પરીક્ષા ફી તથા પોસ્ટ ચાર્જની રકમ જ જમા કરાવવાની રહેશે અથવા ઓનલાઇન ફી ભરવાની રહેશે.

(૨) દરેક વર્ગના ઉમેદવારોએ ઓનલાઇન જાહેરાત માટે અરજી કન્ફર્મ કર્યા બાદ કન્ફર્મ થયેલા અરજીપત્રકની પ્રિંટ કાઢીને પોતાની પાસે રાખવા ખાસ સુચના આપવામાં આવે છે. **<u>ઉમેદવારોએ અરજીપત્રક તથા જરૂરી પ્રમાણપત્રો આયોગ દ્વારા મંગાવવામાં આવે ત્યારે જ મોકલવાના રહેશે.</u>**

<u>(૩) ઉમેદવારે અરજી પત્રક્મા કોઇપણ વિગત ખોટી બતાવેલ હશે તો તેનુ અરજીપત્રક કોઇપણ તબક્કે રદ કરવામા આવશે. તથા તેણે લાયકી ધોરણ મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી આપોઆપ રદ ગણાશે</u>

(૪) અરજી પત્રકમાં દર્શાવેલ કેટેગરી બદલવાની કોઇપણ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં.

(૫) અરજી સાથે <u>પરિશિષ્ટ-'ક' ને બદલે અનેક્ષર-એ(અંગ્રેજી)માં રજૂ કરેલ હશે તો પણ આવા ઉમેદવારોની અરજી સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગની જગ્યા માટે કે બિનઅનામત જગ્યા માટે પણ માન્ય ગણવામાં આવશે નહીં</u>.

(૬) માજી સૈનિકો તથા ઇ.સી.ઓ./એસ.એસ.સી.ઓ.સહિત જેમણે લશ્કરી સેવાઓમાં ઓછામાં ઓછી પાંચ વર્ષની ફરજ બજાવી હોય અને લશ્કરી સેવા માટે અશક્તતાનાં કારણે બરતરફ કે છુટા કરવાના કારણસર મુદત પુરી થયે (જેમની મુદત છ મહિનામા પુરી થવાની હોય તેઓ સહિત) છુટા થયેલ હોય તેઓને વયમર્યાદામાં છુટછાટ મળવા પાત્ર થશે.

(૭) ગુજરાત સરકારના કર્મચારીઓને વય મર્યાદામાં ભરતી નિયમોની જોગવાઈ મુજબ કોઈપણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી.

**<u>પરીક્ષાની રૂપરેખા:</u>**

**(૧)** લેખિત કસોટી અમદાવાદ ખાતે યોજવામાં આવશે. ઉમેદવાર મિકેનિકલ એન્જિનિયરિંગ અથવા ઓટોમોબાઇલ એન્જિનિયરિંગ પૈકી જે વિષય લેખિત પરીક્ષામાં રાખવા માગતા હોય તે અરજીપત્રકમાં સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.

**(૨)** લેખિત કસોટીમાં કુલ બે પ્રશ્નપત્રો રહેશે. આ બંને પ્રશ્નપત્રો ઓબ્જેક્ટીવ ટાઇપ-મલ્ટીપલ ચોઇસ પ્રકારના રહેશે. બંને પ્રશ્નપત્રો ફરજીયાત છે. પ્રશ્નપત્ર-૧ માં મિકેનિકલ એન્જિનિયરિંગ અને ઓટોમોબાઇલ એન્જિનિયરિંગ એમ બે વિષયો છે. જે પૈકી કોઇ એક વિષયનો વિકલ્પ ઉમેદવારે પસંદ કરવાનો રહેશે.

**(3)** પ્રશ્નપત્ર-૧ મિકેનિકલ એન્જિનિયરિંગ અથવા ઓટોમોબાઇલ એન્જિનિયરિંગનું ૧૨૦ મિનિટનું, ૨૦૦ પ્રશ્નોનું અને ૨૦૦ ગુણનું રહેશે. જ્યારે પ્રશ્નપત્ર-૨ કુલ ૬૦ મિનિટનું રહેશે, જેમાં ભાગ-A માં અંગ્રેજી ભાષાના એક ગુણ વાળા ૫૦ પ્રશ્નો તથા ભાગ-B માં ગુજરાતી ભાષાના એક ગુણ વાળા ૫૦ પ્રશ્નો રહેશે. આમ પ્રશ્નપત્ર-૨ કુલ ૧૦૦ ગુણનુ રહેશે.

(૪) પ્રશ્નપત્ર-૨ના ભાગ-B સિવાય પરીક્ષાનું માધ્યમ અંગ્રેજી રહેશે.

**(૫)** લેખિત કસોટીમાં ઉમેદવારને O.M.R. Sheet માં જવાબ આપવા માટે A,B,C,D અને E એમ પાંચ વિકલ્પ આપવામાં આવશે, પાંચમો વિકલ્પ E "Not attended" તરીકેનો રહેશે. જો ઉમેદવારે તમામ વિકલ્પો ખાલી રાખ્યા હોય (encode કર્યા ન હોય) અથવા ખોટા જવાબ આપેલ હોય તો પ્રત્યેક નિશ્ચિત ગુણના 0.3 Negative marks કાપવામાં આવશે. અને જો પાંચમો વિકલ્પ E "Not Attended" એનકોડ કરેલ હોય તો "શૂન્ય" ગુણ કાપવાના રહેશે. અર્થાત માત્ર E "Not attended" વિકલ્પ જ encode કર્યો હશે તો તે પ્રશ્ન માટે કોઇ નેગેટીવ ગુણ કાપવામાં આવશે નહીં.

**(૬)** લેખિત કસોટીમાં અરજીઓની ચકાસણી કર્યા સિવાય તદ્દન કામચલાઉ ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

**(૭)** લેખિત કસોટીના પરિણામમાં પ્રશ્નપત્ર -૧ માં યોગ્ય સ્કેલિંગ ફોર્મ્યુલા અપનાવીને તૈયાર કરવામાં આવશે.

**(૮)** રૂબરૂ મુલાકાત માટે આયોગ દ્વારા નક્કી કરવામાં આવેલ નિયત તારીખ અને સમયે હાજર ન રહેલ ઉમેદવાર પસંદગી માટે પાત્ર ગણાશે નહિ.

**(૯)** આયોગ દ્વારા દરેક ઉમેદવારો માટે લેખિત કસોટીનું લાયકી ધોરણ નક્કી કરવામાં આવશે. આયોગ દ્વારા અનામત કક્ષાના ઉમેદવારોને આ લાયકી ધોરણમાં જરૂર જણાય તો છૂટછાટ આપવામાં આવશે.

લેખિત કસોટીનું સૌપ્રથમ કામચલાઉ પરિણામ બહાર પાડવામા આવશે. આ કામચલાઉ પરિણામમાં કુલ જગ્યાના આશરે ચારગણા ઉમેદવારોને કામચલાઉ ધોરણે સફળ જાહેર કરવામા આવશે.આ ચારગણા ઉમેદવારોના જરૂરી પ્રમાણપત્રો તથા અન્ય બાબતોની ચકાસણી ભરતી નિયમો, ભરતી પરીક્ષા નિયમો તથા જાહેરાતની જોગવાઇ અનુસાર કરવામા આવશે. <u>આ ચકાસણીમા શારિરીક પરિક્ષણની ચકાસણીનો પણ સમાવેશ થાય છે. આ શારિરીક પરિક્ષણની ચકાસણી આયોગ દ્વારા તબીબી અધિકારી પાસે કરાવવામા આવશે. જેમાં ઉમેદવારોએ આયોગ નક્કી કરે તે મુજબ હાજર રહેવાનું રહેશે.</u> આ તમામ ચકાસણી બાદ જો ત્રણ ગણાં કરતા વધુ ઉમેદવારો લાયક જણાશે તો , લેખિત કસોટીમાં મેળવેલ ગુણને આધારે, જગ્યાની સંખ્યા ધ્યાને લઇ આશરે ત્રણગણા ઉમેદવારોને જ રૂબરૂ મુલાકાતમાં બોલાવવામાં આવશે, અને બાકીના ઉમેદવારોને અસફળ ગણી, તેમને રૂબરૂ મુલાકાત માટે પાત્ર ગણવામાં આવશે નહી.રૂબરૂ મુલાકાતમાં બોલાવેલ ઉમેદવારોના લેખિત કસોટી અને રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણને ધ્યાને લઇ જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓના પ્રમાણમાં સફળ થયેલ ઉમેદવારોનો સમાવેશ પસંદગી યાદીમાં કરવામાં આવશે.ભરતી નિયમોની જોગવાઇ મુજબ ૫૦% જેટલી સંખ્યા

જેટલા ઉમેદવારોના નામ કેટેગરીવાર પ્રતિક્ષાયાદી પર રાખવામાં આવશે.બાકીના ઉમેદવારોને અસફળ ગણવામાં આવશે. અને તેમને નિમણૂંકનો કોઇ હક્ક દાવો રહેશે નહીં.

**(૧૦)** લેખિત કસોટીમાં સફળ થયેલા ઉમેદવારોએ અરજીપત્રક પરિણામ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ માં નીચેના જરૂરી પ્રમાણપત્રો તથા ફી ભરેલા ચલણની નકલ સાથે આર.પી.એ.ડી./ સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે અથવા આયોગની કચેરીમાં રૂબરૂમાં આપી જવાના રહેશે.

(૧) એસ.એસ.સી.ઇ.પ્રમાણપત્ર ( જેમાં જન્મ તારીખ દર્શાવેલ હોય )

(૨) ડિપ્લોમા / સ્નાતકની પદવીનું ગુણપત્રક તથા પ્રમાણપત્ર

(૩) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુ.જાતિ તથા અનુ. જન જાતિ વર્ગ માટે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ જાતિ પ્રમાણપત્ર તથા શાળા છોડ્યાનું પ્રમાણપત્ર

(૪) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ પરિશિષ્ટ “ક” માં ગુજરાતીમાં આપવામાં આવતું પ્રમાણપત્ર, જાહેરાતમાં જણાવ્યા મુજબ તા.૦૧-૦૪-૧૫થી અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં મેળવેલ નોન ક્રિમિલેયર પ્રમાણપત્ર(નાણાકીય વર્ષ ૨૦૧૪-૨૦૧૫ ની આવકને ધ્યાનમાં લઇને મેળવેલું). અંગ્રેજીમાં આપવામાં આવતું Annexure-A માન્ય ગણવામાં આવશે નહિ.

(૫) ઉમેદવારે નામમાં ફેરફાર કરાવેલ હોય તો ગેઝેટ / લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ

(૬) વિધવા ઉમેદવારનાં કિસ્સામાં બીજા લગ્ન કરેલાં નથી તેવું સોગંદનામું

(૭) માજી સૈનિક ઉમેદવારના કેસમાં ડિસ્ચાર્જ બુકની નકલ તથા પ્રમાણપત્ર

**(૧૧)** ઉમેદવારોએ ઉપરોક્ત વિગત મુજબના રજુ કરેલ પ્રમાણપત્રો તથા અન્ય બાબતોની ચકાસણી ભરતી નિયમો તથા જાહેરાતની જોગવાઇ અનુસાર કરવામાં આવશે. જેમાં જે ઉમેદવારો નિયત વયમર્યાદા, શૈક્ષણિક લાયકાત વિગેરે ધરાવતા નહી હોય તે ઉમેદવારોને ભરતી પ્રક્રિયા માટે અયોગ્ય ગણીને અપાત્ર કરવામાં આવશે.

**(૧૨)** લેખિત પરીક્ષાનુ ગુણપત્રક મેળવવા ઇચ્છતા ઉમેદવારોએ રૂ! ૫૦-૦૦ ની ફી ભા.પો.ઓ./ રોકડેથી લેખિત પરીક્ષાનુ આખરી પરીણામ પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસ ની અંદર આયોગમાં જમા કરાવવાની રહેશે.

## જાહેરાતની સામાન્ય જોગવાઈ

**૧. નાગરિકત્વ:-**

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક અથવા (ખ) નેપાળનો પ્રજાજન અથવા (ગ) ભૂતાનનો પ્રજાજન અથવા (ઘ) તિબેટ નો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી,૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ અથવા (ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન(બાંગ્લાદેશ), બર્મા(મ્યાનમાર),શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા, જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાંઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ. પરંતુ પેટા ક્રમાંક (ખ),(ગ),(ઘ),અને (ચ)માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

**નોંધ:- જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે. અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.**

**૨. ભરેલા અરજીપત્રક:-**

(૦૧) જો એક કરતાં વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે ફી ભરવાની રહેશે.

(૦૨) અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો અરજી ફી ભરવાની રહેશે નહી.

(૦૩) અરજી ફી વગરની અગ્રિમ નકલ વિચારણામાં લેવામાં આવશે નહી.

(૦૪) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

**૩. જન્મ તારીખ:-**

(૧) આયોગ જન્મ તારીખ ના પુરાવા માટે એસ. એસ. સી બોર્ડ દ્વારા અપાયેલ એસ. એસ. સી. ઇ.પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ ............ છે. જે એસ. એસ. સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસહર્તા(credibility)ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

**૪. વયમર્યાદા:-**

(૧) ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) જાહેરાતમાં ઉપલી વયમર્યાદા આપવામાં આવેલ છે, તેમાં નીચે મુજબ ની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ |
| ૨ | બિન અનામત મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ |
| ૩ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ,સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં , મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ. એસ. સી.ઓ. સહિત ઉમેદવારો | લશ્કરમાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ (વધુમાં વધુ ૪૦ વર્ષની મર્યાદામાં) |

**<u>૫. શૈક્ષણિક લાયકાત:</u>**-

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઇએ.

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાથી મેળવેલ હોવી જોઇએ.

(૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર)અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવાર નો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહી.

(૫) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

**<u>૬. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ,સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ:</u>**-

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રકની સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ “ઉન્નત વર્ગમાં” નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૬-૦૨-૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ **પરિશિષ્ટ (ક)** (ગુજરાતીમાં) ના નમુનામાં પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનું હોવું જોઇએ.પરિણીત મહિલા ઉમેદવારોએ આવુ પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે,જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે, આ પ્રમાણપત્ર તા.૦૧-૦૪-૧૪ થી તા.૩૧-૦૩-૧૫ના સમયગાળાની આવકને ધ્યાને લઇ, તા.૦૧-૦૪-૧૫થી અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં મેળવેલ હોવું જોઇએ. અરજી સાથે પરિશિષ્ટ (ક) ના બદલે Annexure-A (અંગ્રેજીમાં) રજું કરેલ હશે તો પણ અરજી રદ કરવામાં આવશે. કેમકે Annexure-A ભારત સરકાર હેઠળની નોકરી માટેનું છે. જો ઉમેદવારે આ પ્રમાણપત્ર (પરિશિષ્ટ -ક) અરજી સાથે રજુ કરેલ નહીં હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને બિનઅનામત જગ્યા માટે પણ વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૭) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વયમર્યાદા ,અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણત્રીમાં લેવાના થાય છે.

(૮) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

**૭. માજી સૈનિક**

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.

(૨) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચૂક મોકલવાની રહેશે.

**૮. મહિલા ઉમેદવાર**

મહિલાઓની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તેની જગ્યા જે તે કક્ષાના (category) પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

**જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ ,માજી સૈનિક, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.**

**૯. વિધવા ઉમેદવાર**

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કૉલમ સામે “હા” અવશ્ય લખવું અન્યથા “લાગુ પડતું નથી” એમ દર્શાવવું .

(૨) વિધવા ઉમેદવારે જો પુન: લગ્ન કરેલ હોય તો અરજી પત્રકમાં તે કૉલમ સામે “હા” અચૂક લખવું અન્યથા “લાગુ પડતું નથી” એમ દર્શાવવું .

(૩) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઇચ્છતા હોય તો અરજી સાથે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ રજુ કરવાની રહેશે.

(૪) વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

**૧૦. ના વાંધા પ્રમાણપત્ર:-**

(૧) ગુજરાત સરકારના સરકારી /અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭ માં અચૂક કરવાની રહેશે.જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકારની અથવા અન્ય કોઇપણ રાજ્ય સરકારની નોકરીમાં હોય તેવા ઉમેદવારે ખાતા મારફત અરજી મોકલવાની રહેશે અથવા આ અરજી સાથે નિમણૂક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

**૧૧. ગેરલાયક ઉમેદવાર:-**

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી /અર્ધ સરકારી /સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગત અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

**૧૨. ફરજિયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફ :-**

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/ સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃત્તિ, રુખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગત આપવાની રહેશે.

**૧૩. રૂબરૂ મુલાકાત:-**

(૧) રૂબરૂ મુલાકાત આયોગની કચેરી ખાતે જ લેવામાં આવશે. ઉમેદવારે પોતાના ખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે. રૂબરૂ મુલાકાત માટે આયોગ દ્વારા નક્કી કરવામાં આવેલ નિયત તારીખ અને સમયે હાજર ન રહેલ ઉમેદવાર પસંદગી માટે પાત્ર ગણાશે નહિ.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના ઉમેદવારો તથા બેરોજગાર ઉમેદવારો કે જેઓના માતા-પિતા ની વાર્ષિક આવક આવકવેરા ને પાત્ર ન હોય તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકિટના દર પ્રમાણે બસ ભાડું મળવાપાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનુ રહેશે અને તેની સાથે અસલ ટિકિટ રજુ કરવાની રહેશે.

(૩) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ અસલ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્ર રજુ કરશે નહીં તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.

**૧૪. નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે.(આ યાદી માત્ર દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી)**

(૧) આયોગના ઓનલાઇન મુસદ્દા મુજબ અરજી કરેલ ન હોય

(૨) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(૩) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૪) અરજી ફેક્સથી અથવા ઈ-મેઇલ થી મોકલાવેલ હોય.

(૫) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ અપલોડ કરેલ ન હોય.

(૬) અરજી સાથે પૂરેપૂરી ફી ભરેલ ન હોય.

(૭) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ તથા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારે અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૮) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય.

(૯) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનું નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય.

(૧૦) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૧૧) જન્મ તારીખ માટે એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

**૧૫. નિમણૂક:-**

(૧) ઉપરની જાહેરાત સંબંધમાં નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારની સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતાં પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે.આ પ્રકારની લાયકાત નહીં ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહીં.

(૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહીં.

(૩) ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત /અનુભવ/ઉંમર વગેરેના સમર્થનમાં રજુ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબક્કે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણૂક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહી ને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે,તેમણે રજુ કરેલા પ્રમાણપત્રો ખુબજ ચોકસાઈથી પુર્ણ રીતે ખરાઈ કર્યા બાદ જ આયોગમાં રજુ કરવા.

**૧૬. ગેરવર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં**

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી,તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહી,ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહી,જો એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઇ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી.જો કોઇ ઉમેદવાર આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્તકરવા,

(૨) નામ બદલીને પરીક્ષા આપવી,

(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પુર્ણ કરાવ્યુ હોય ,

(૪) બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય ,

(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુકત અથવા ખોટા નિવેદનો કરેલ હોય ,

(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય ,

(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય ,

(૮) ઉત્તરવહી માં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજુ કરેલ હોય,

(૯) પરીક્ષા ખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણૂક આચરવી, જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી, પુસ્તક, ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચિત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની ગેરરીતીઓ પૈકી કોઇપણ ગેરરીતી આચરવા માટે,

(૧૦) આયોગ દ્વારા પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી , કોઇપણ પ્રકારની શારીરિક ઇજા પહોચાડવી , અથવા

(૧૧) ઉપરોકત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા તેણે કે સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ પ્રયત્ન કર્યો હોય ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.

(ક) આયોગ દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને /અથવા

(ખ) તેને આયોગ લે તેવી કોઇપણ પરીક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે

(૧) આયોગ દ્વારા લેવાનાર કોઇપણ પરીક્ષા કે પસંદગી માટે , અને

(૨) રાજય સરકાર હેઠળની કોઇપણ નોકરીમાંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને

(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.

(૧૨) ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/ સરકાર દ્વારા ઉમેદવારને /કર્મચારીને

(૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,

(૨) લેખીતમાં શિક્ષા અંગે બચાવનામું- હકીકત રજુ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવશે.

(એન.એમ. ધૃવ)
ઈ.ચા. સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

**GUJARAT PUBLIC SERVICE COMMISSION**

**R-1 BRANCH**

**It is informed the candidates for confirmation of the application for the selection to the post of Inspector of Motor Vehicles, Class- II, (Advt. 02/2015-16) during Date: 22-04-2015, 13.00 p.m. to Date: 07-05-2015, 13.00 p.m.**

**Total No. of posts:-100 ( As under) -**

| No. | Category | Total post | Out of total Post reserved for Women candidate |
|---|---|---|---|
| 1 | GENERAL | 53 | 17 |
| 2 | S.E.B.C. | 29 | 10 |
| 3 | S.C. | 08 | 03 |
| 4 | S.T. | 10 | 03 |

**Out of total post 01 post is reserved for Ex-Servicemen.**

**Note:-**

(1) In case of non-availability of Women candidates in the respective category, the post so reserved will be allotted to male candidates belonging to the same category.

(2) The disabled candidates are not eligible for application.

(3) The candidates belonging to reserved category can apply against vacancies for Unreserved Category and the criteria will be applicable as per Unreserved Category.

**E.Q:- (A) Possess a Degree in Mechanical engineering or Automobile Engineering of a recognized University or deemed university or possess an equivalent qualification recognized as such by the Government for this purpose.**

**(B)** The candidate shall possess a motor driving license of motor cycle and light motor vehicles at the time of appointment.

**(C)** The Candidate shall obtain a driving license of heavy goods vehicle and heavy passenger motor vehicle during the probation period.

**(D)** The candidate shall possess the basic knowledge of Computer Application as prescribed in the Gujarat Civil Service Classification and Recruitment (General) Rules, 1967.

**(E)** The candidate shall possess the following minimum physical standards:

(i) For Male candidate height not less than 162 centimeters (155 centimeters for Scheduled Tribes candidates of Gujarat origin) and minimum chest measurement 79 centimeters deflated and weight not less than 50 kg.

(ii) For Female candidate height not less than 158 centimeters (151 centimeters for Scheduled Tribes candidates of Gujarat origin) and weight not less than 45 Kg.

(iii) A candidate should not be colour blind and should have clear vision with or without glasses.

**(F)** The candidate shall possess adequate knowledge of Gujarati and Hindi.

**PAY:-** Rs. 9300- 34800 (Grade pay- 4600)

**AGE :-**Not less than 2**1** years and not more than **30** years. Age will be calculated on the last date of the receipt of application.

**Note**: (1) The number of candidate to be called for Interview test shall be about three times of the number of vacancies.

(2) The candidate who fails to remain present at the interview on the specified date and time shall not be eligible for selection.

**Upper Age limit shall be relaxed as under:**

| | | |
|---|---|---|
| 1 | S.C.,S.T.,S.E.B.C. Category of Gujarat origin | 05 Years |
| 2 | Women Candidates belonging to Unreserved Category | 05 Years |
| 3 | Women Candidates belonging to reserved Category of Gujarat origin | 10 Years (Inclusive Five years relaxation for women) |
| 4 | Ex. Serviceman Including E.C.O./S.S.C.O. | Length of Military Service plus three years, up to 40 years. |

**<u>Important provisions:</u>**

**(1**) There will be a written test for selection. There will be two question papers in written test and both papers are compulsory and multiple choice type.

**(2)** Question paper-1 will be of either Mechanical Engineering or Automobile engineering of 200 marks and 200 questions with 120 minutes duration. Question paper-2 will be of two parts with 60 minutes duration. Part-A will be of Gujarati language of 50 marks and Part-B will be of English language of 50 marks. Each Part will consist of 50 Questions each of one mark in Question paper-2. Candidates have to give an option in the application form for Mechanical Engineering or Automobile Engineering subject. The medium of written test shall be English except for Part B of Question Paper II of the written test.

**(3)** Entry in written examination is provisional and without any scrutiny of the application.

**(4)** Result of Question paper-1 will be prepared by using suitable scaling formula.

**(5**) Candidature of the candidates not possessing eligibility criteria prescribed in the advertisement/ recruitment rules will be cancelled at any stages of the selection procedure.

**(6)** The Commission shall declare the Provisional result of written examination. About three times of number of category wise candidates will be considered of the advertised posts. The successful candidates will have to submit printed copy of his/her application form along with necessary certificates within 7 days from declaration of the provisional result to the Commission.

(N. M. Dhruv)
In charge Joint Secretary
Gujarat Public Service Commission

## **Online અરજી કરવાની તથા અરજી ફી ભરવાની રીત:-**

**આ જાહેરાતના સંદર્ભમાં આયોગ દ્વારા ઓન લાઈન જ અરજી સ્વીકારવામાં આવશે.** ઉમેદવાર તા:૨૨-૦૪-૨૦૧૫, ૧૩.૦૦ કલાક થી તા:૦૭-૦૫-૨૦૧૫, ૧૩.૦૦ કલાક, સુધીમાં http://gpsc-ojas.guj.nic.in પર અરજી પત્રક ભરી શકશે. **ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના Steps (૧) થી (૧૬) અનુસરવાના રહેશે. Confirmation Number મળ્યા પછી જ અરજી માન્ય ગણાશે.**

(૧) સૌ પ્રથમ http://gpsc-ojas.guj.nic.in પર જવું

(૨) Apply On line Click કરવું.
આ પ્રમાણે click કરવાથી (1) More Details તથા (2) Apply Now બટન દેખાશે.
સૌપ્રથમ More Details પર Click કરીને જાહેરાતની બધી જ વિગતોનો અભ્યાસ ઉમેદવારોએ કરવો. અને ત્યારબાદ Apply Now બટન ક્લિક કરવું.

(૩) **મોટર વાહન નિરીક્ષક,વર્ગ-૨** ઉપર click કરવાથી જગ્યાની વિગતો મળશે

(૪) તેની નીચે Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌ પ્રથમ "Personal Details" ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદરડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) "Personal Details" માં જ્યાં Mobile Number અને email ID માંગ્યા છે, તેની વિગત લખવી જેથી જરૂર જણાયે આયોગ ઉમેદવારને માહિતગાર કરી શકે.

(૫) Personal Details ભરાયા બાદ Educational Details ભરવા માટે Educational Details પર click કરવું અને પોતાની શૈક્ષણિક વિગતો ભરવી.

(૬) Additional Qualification પર "click" કરી Additional Qualification ભરવી.

(૭) Experience Details પર "click" કરવું અને Experience Details ભરવી. વધુ Experience ઉમેરવા માગતા હોવ તો Add. More Exp.પર "click" કરી Details ભરવી.

(૮) Additional Information પર "click" કરી ત્યાં માહિતી ભરવી. જે વધારાનો અનુભવ gpsc-ojas module માં સમાવિષ્ટ ન થતો હોય, તો સાદા કાગળ પર gpsc-ojas માં જણાવ્યા મુજબના અનુભવના કોઠા પ્રમાણે આપે વધારાના અનુભવની વિગત ઉમેરીને મોકલવી.

(૯) તેની નીચે "Self-declaration" માં Yes / No પર click કરવું.

(૧૦) હવે save પર "click" કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં તે દર્શાવવાનો રહેશે.

(૧૧) જો આપની અરજીપત્રકમાં કોઇ સુધારા-વધારા કરવાના હોય તો Edit Applicationમાં જઇને કરી શકાશે,આ સુવિધા અરજી Confirm કરતાં પહેલા ઉપલબ્ધ છે. **એક વખત અરજી Confirm થઇ ગયા પછી/બાદ આ સુવિધા ઉપલબ્ધ રહેશે નહીં.**

(૧૨) હવે પેજના ઉપરના ભાગમાં upload photo પર click કરો અહીં તમારો application number type કરો અને તમારી Birth date type કરો. ત્યારબાદ ok પર click કરો. અહીં, photo અને signature upload કરવાના છે. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઈ રાખવી) (photo અને signature upload કરવા સૌ પ્રથમ તમારો photo અને signature .jpg Formatમાં(10 KB) સાઇઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ.)

"Browse" Button પર click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં .jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને "Open" Button ને click કરો. હવે "Browse" Button ની બાજુમાં "Upload " Button પર Click કરો હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આજ રીતે signature પણ upload કરવાની રહેશે.

(૧૩) હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર click કરો અને "Application number" તથા Birth Date Type કર્યા બાદ Ok પર click કરવાથી બે (૨) બટન ૧: Application preview ૨: confirm application દેખાશે. ઉમેદવારે "Application preview" પર click કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય, તો Edit Application ઉપર click કરીને સુધારો કરી લેવો. અરજી confirm કર્યા પહેલા કોઇપણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ. અરજી confirm થઇ ગયા બાદ અરજીમાં કોઇપણ સુધારો થઇ શકશે નહીં. જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ confirm application પર click કરવું. Confirm application પર click કરવાથી ઉમેદવારની અરજીનો આયોગમાં online સ્વીકાર થઈ જશે. અહીં "confirmation number" generate થશે જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે. Confirmation number સિવાય કોઇપણ પત્રવ્યવહાર કરી શકાશે નહીં. Confirm થયેલ અરજીપત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી.

(૧૪) સામાન્ય કેટેગરીના ઉમેદવારે અરજી ફી નીચેના બે વિકલ્પ પૈકી કોઇપણથી ભરી શકે છે.

૧. **પોસ્ટ ઓફિસમાં**: સામાન્ય કેટેગરીના ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર કલીક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઇને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફિસમાં રૂ. ૧૦૦/- આયોગની ફી + પૉસ્ટલ સર્વિસ ચાર્જ તા.૦૭-૦૫-૨૦૧૫, ૧૩.૦૦ કલાક સુધીમાં ભરવાની રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાના રહેશે અને જ્યારે આયોગ દ્વારા મંગાવવામાં આવે, ત્યારે જ અરજીપત્રક બિડાણો સહિત તથા ફી ભરેલા ચલણની નકલ સાથે આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે અથવા આયોગની કચેરીમાં રૂબરૂમાં આપી જવાના રહેશે.

૨. **ઓનલાઇન ફી**: જમા કરાવવા માટે "Print Challan" ઉપર કલીક કરવું અને વિગતો ભરવી અને ત્યાં "Online Payment of fee" ઉપર કલીક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં "Net Banking of Fee", અથવા "Other Payment Mode" ના વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપને આપની ફી જમા થઇ ગઇ છે તેવું Screen પર લખાયેલું આવશે. અને e-receipt મળશે જેની Print કાઢી લેવી. જો પ્રક્રિયામાં કોઇ ખામી હશે તો Screen પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે.

(૧૫) અનામત વર્ગના ઉમેદવારો (ફી માંથી મુકિત અપાયેલ ઉમેદવારો ) એ confirm થયેલ અરજીપત્રક પોતાની પાસે સાચવીને રાખવાનું રહેશે અને સફળ થયેલા ઉમેદવારોએ અરજીપત્રક, પરિણામ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ માં જરૂરી પ્રમાણપત્રો સહિત આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે અથવા આયોગની કચેરીમાં રૂબરૂમાં આપી જવાના રહેશે.

(૧૬) દરેક જાહેરાત માટે ઉમેદવારે એક જ અરજી કરવી. આમ છતાં, સંજોગોવશાત, જો કોઇ ઉમેદવારે એકથી વધુ અરજી કરેલ હશે, તો છેલ્લી કન્ફર્મ થયેલ અરજી, તેની સાથે નિયત ફી ભરેલ હશે, તો તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ્દ ગણવામાં આવશે. અગાઉની અરજી સાથે ભરેલ ફી છેલ્લી કન્ફર્મ થયેલ

અરજી સામે ગણવામાં આવશે નહીં. જો ઉમેદવારે છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહીં હોય, તો આવા ઉમેદવારની નિયત ફી સાથેની કન્ફર્મ થયેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે. જો ઉમેદવારે એકથી વધુ અરજી સાથે ફી ભરેલ હશે, તો તે રીફંડ કરવામાં આવશે નહીં.

**અરજી ફી** :

(૧) સામાન્ય કેટેગરીના ઉમેદવારે પોસ્ટ ઓફીસમાં રૂ. ૧૦૦/- આયોગની ફી + પૉસ્ટલ સર્વિસ ચાર્જ ભરવાનો રહેશે. અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. અથવા ઓનલાઇન ફી ભરવાની રહેશે તથા e-receipt મળશે જેની Print કાઢવાની રહેશે.

(૨) મૂળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

(૩) ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. **ફી ભરેલ નહી હોય તેવા ઉમેદવારને** કોઇ પણ સંજોગોમાં **લેખિત કસોટી/રૂબરૂ મુલાકાત/પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી**. આ ફી પોસ્ટ ઓફિસ દ્વારા અથવા ઓનલાઇન જ સ્વીકારવામાં આવશે. રોકડમાં, ડીમાન્ડ ડ્રાફ્ટથી, ઇન્ડિયન પોસ્ટલ ઓર્ડર કે પે ઓર્ડરના સ્વરૂપમાં **આ ફી સ્વીકારવામાં આવશે નહી. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.**

**ઉમેદવારોને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઇ ઉમેદવાર, આ જગ્યા ના ભરતી નિયમો, તથા જાહેરાતની જોગવાઇઓ મુજબ લાયકાત ધરાવતા નથી તેમ માલૂમ પડશે તો તેમની ઉમેદવારી કોઇ પણ તબક્કે રદ કરવામાં આવશે.**

**નોંધ : મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૨ ની જગ્યાના ભરતી નિયમો, અરજીપત્રક સાથે જોડવાના આવશ્યક પ્રમાણપત્રોની નકલ, વય મર્યાદામાં છૂટછાટ, અરજી કયા સંજોગોમાં રદ થવાને પાત્ર છે તેની વિગતો, પરિશિષ્ટ-'ક' નો નમૂનો, સરકારી કર્મચારીએ રજુ કરવાના ના-વાંધા પ્રમાણપત્રનો નમૂનો, લેખિત કસોટીનો અભ્યાસક્રમ અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની કચેરીના નોટિસબોર્ડ અને આયોગની વેબસાઇટ www.gpsc.gujarat.gov.in ઉપર જોવા મળશે.**

# <u>અરજીપત્રક સાથે જોડવાના આવશ્યક પ્રમાણપત્રોની યાદી</u>

**જાહેરાત ક્રમાંકઃ-** ૦૨/૨૦૧૫-૧૬

**જગ્યાનું નામઃ-** મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૨

( આ યાદી ફકત ઉમેદવારોને મદદરૂપ થવા માટે છે. અર્થઘટનના પ્રસંગે જાહેરાતની જોગવાઇ તથા પરીક્ષા નિયમોની જોગવાઇ ધ્યાને લેવાની રહેશે.)

| | |
|---|---|
| ૦૧ | એક જાહેરાત માટે એક અરજી કરવી. |
| ૦૨ | એસ.એસ.સી.બોર્ડના પ્રમાણપત્રની નકલ કે જેમાં જન્મતારીખ દર્શાવેલ હોય (શાળા છોડયાના S.L.C. પ્રમાણપત્ર માન્ય ગણાશે નહીં.) |
| ૦૩ | ઉમેદવારે નામમાં ફેરફાર કરેલ હોય તો તેના પુરાવાની નકલ. |
| ૦૪ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, અનુ.જાતિ, અનુ.જનજાતિ વર્ગ માટે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ તથા શાળા છોડ્યાના પ્રમાણપત્રની નકલ. |
| ૦૫ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ઉમેદવાર જાહેરાતમાં જણાવ્યા મુજબ તા.૦૧-૦૪-૨૦૧૫ થી અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇસ્યુ થયેલ નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર પરિશિષ્ટ નમુના “ ક ” મુજબ ગુજરાતીમાં આપવામાં આવતું પ્રમાણપત્ર બીડવું. અંગ્રેજીમાં આપવામાં આવતું Annexure-A માન્ય નથી. |
| ૦૬ | શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં જાહેરાતમાં દર્શાવેલ વિધાશાખાના સ્નાતક / અનુસ્નાતક પદવીના અંતિમ વર્ષનું ગુણપત્રક / પદવી પ્રમાણપત્રની નકલ |
| ૦૭ | સરકારી કર્મચારીના કિસ્સામાં રૂબરૂ મુલાકાતના સમયે સક્ષમ અધિકારી દ્વારા નિયત નમૂનામાં આપવામાં આવેલ ‘ના-વાંધા પ્રમાણપત્ર’ની નકલ અચૂક રજૂ કરવાની રહેશે, અન્યથા રૂબરૂ મુલાકાતમાં પ્રવેશ મળશે નહીં. ( (સામાન્ય વહીવટ વિભાગના તાઃ ૦૮-૧૧-૮૯ના પરિપત્રથી નિયત થયેલ નમૂના મુજબ) |
| ૦૮ | વિધવા ઉમેદવારના કિસ્સામાં બીજા લગ્ન કરેલ નથી તેવું સોગંદનામું. |

આ તબકકે ઉમેદવારોનું ખાસ ધ્યાન દોરવામાં આવે છે કે અનુભવે એમ જણાય છે કે, અરજીપત્રક સાથે બિડવાના બિડાણો / પ્રમાણપત્રો વગેરે અંગે પૂરતી કાળજી ઉમેદવારો દ્વારા લેવામાં આવતી હોતી નથી. ઉમેદવારોને જણાવવામાં આવેલ પ્રમાણપત્રો પૈકી કોઇક પ્રમાણપત્રો બિડવાના રહી જતાં હોય છે, કે પ્રમાણપત્રો જાહેરાતમાં આપેલી સૂચના મુજબના હોતા નથી. આવા પ્રસંગોએ આયોગે તેઓની અરજી રદ કરવી પડે છે. આ પ્રકારની બાબત આપના કેસમાં ન બને તે માટે અરજી, આયોગમાં રજુ કરતાં પહેલાં આ અંગે પૂરતી કાળજી રાખી, ચકાસણી કરીને જ, તે અરજી સાથે આપના તરફથી રજુ કરવામાં આવે તે જોવા જણાવવામાં આવે છે.

## <u>પરિશિષ્ટ-ક</u>

રાજ્ય સરકારની નોકરીમાં / ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશમાં અનામતનો લાભ લેવા માટે અરજી કરતી વખતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ રજૂ કરવાના પ્રમાણપત્રનો નમૂનો........

.....................................................................................................................................................

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ................................................ જીલ્લાના ................................................ તાલુકાના.................................................................ગામના શ્રી / કુ. ......................................ના પુત્ર/પુત્રી.................................... જ્ઞાતિના છે. જેને ગુજરાત સરકારના સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧-૪-૭૮ના ઠરાવ નંબર-બકર/૧૦૭૯/૧૩૭૩૪/ફ. તેમજ ત્યાર બાદના વખતો વખતના સુધારા/વધારાથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ તરીકે જાહેર કરેલ છે.

શ્રી ........................................................ અને / અથવા તેમનું કુટુંબ સામાન્ય રીતે ગુજરાત રાજ્યના ..................................................... જિલ્લાના રહીશ છે. આથી એ પણ પ્રમાણિત કરવામાં આવે છે કે તે/તેણીનો ગુજરાત સરકાર ના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૧-૧૧-૧૯૯૫ ના ઠરાવ ક્રમાંક : સશય-૧૧૯૪-૧૦૯-અ સાથેના પરિશિષ્ટ થી નિયત કરવામાં આવેલ ઉન્નત વર્ગો (ક્રિમિલેયર) ની વ્યક્તિ / જૂથમાં સમાવેશ થતો નથી.

તારીખ : .....................................

( સીલ ) સક્ષમ અધિકારીની સહિ,

હોદ્દો :

---

<u>નોંધ</u> :

ક) ઉપર દર્શાવેલ "સામાન્ય રીતે" શબ્દનો અર્થ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯ (રીપ્રેઝન્ટેશન ઓફ ધી પીપલ્સ એક્ટ, ૧૯૫૦) ની કલમ-૨૦માં જણાવ્યા મુજબનો જ રહેશે.

ખ) આવાં જાતિ પ્રમાણપત્રો રાજ્ય સરકારના રાજ્યપત્રિત અધિકારીઓ દ્વારા આપવામાં આવે તે કિસ્સાઓમાં આવા પ્રમાણપત્રો આ જ નમુનામાં પરંતુ જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા સક્ષમ અધિકારીની પ્રતિસહીવાળા હોવા જોઈએ. (રાજ્ય પત્રિત અધિકારીઓ દ્વારા આપવામાં આવેલા અને જિલ્લા મેજીસ્ટ્રેટ / સક્ષમ અધિકારી દ્વારા ખરાઈ કરવામાં આવેલા (એટેસ્ટેડ) પ્રમાણપત્રો પૂરતાં ગણવામાં આવશે નહિ.)

ના- વાંધા પ્રમાણપત્રનો નમૂનો

**ક્રમાંક:** **તા.-**

**સા.વ.વિ.ના તા: ૮-૧૧-૮૯ ના પરિપત્ર ક્રમાંક: એફઓ-એ-૧૦૮૮-૩૯૪૦-ગ-૨ થી નિયત કરવામાં આવેલ પ્રમાણપત્ર**

**<u>પ્રમાણપત્ર</u>**

**આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી ........................................................ આ ખાતામાં તા....................... થી સતત જગ્યા પર કામ કરે છે.**
**જગ્યાનું નામ.........................................................................................................**

**૨. એ પણ પ્રમાણિત કરવામાં આવે છે કે જ્યારે તેઓની સરકારમાં પ્રથમ નિમણૂંક કરવામાં આવી હતી ત્યારે તેઓએ જે જગ્યા માટે અરજી કરી છે તે જગ્યા માટે નિયત કરવામાં આવેલ ઉપલી વયમર્યાદાની અંદર હતા અને તેઓની નિમણૂંક માન્ય પદ્ધતિ દ્વારા હંગામી / કાયમી રીતે કરવામાં આવી છે.**

**૩. જગ્યાનું નામ : ......................................................................... (વર્ગ-..........) જે જગ્યા માટે શ્રી / શ્રીમતી ................................................................................................ એ અરજી કરી છે તે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા વિચારણામાં લેવામાં આવે તો આ ખાતાને હરકત સરખું નથી.**

**(                    )**
**હોદ્દો**
**ખાતાના વડા**

**સ્થળ :**
**તારીખ :**

**પ્રતિ,**
**શ્રી.....................................................**
**.........................................................**
**.........................................................**

**નકલ રવાના :-**